ISSN: 2319-202X

# એમ લર્નિંગ : ગમે તે સ્થળે. ગમે તે સમયે અધ્યયન

**વળવી અમૃતભાઈ વસંતભાઈ**
પ્રશિક્ષણાર્થી, શિક્ષણ વિભાગ, VNSGU, સુરત
Mo. 9724671437 Email - amrutvalvi@gmail.com

પ્રત્યાયન ટેલિકોમ અને તેમાં પણ વિશેષ તો મોબાઈલ ફોન દ્વારા જબરજસ્ત ક્રાંતિ આવી છે. મોબાઈલ ફોન દ્વારા વ્યક્તિ ગમે તે સ્થળેથી એકબીજા સાથે સંપર્કમાં રહી શકે છે. કમ્પ્યૂટર–લેપટોપ કરતાં કિંમતમાં સસ્તાં છતાં પણ તેના જેટલા જ કાર્યો કરી શકવાનાં કારણે, ઈન્ટરનેટ સુવિધાયુક્ત હોવાથી અને ગમે ત્યાં, ગમે ત્યારે ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકાતો હોવાથી મોબાઈલનો ઉપયોગ અધ્યયન માટે હાલમાં વધતો જાય છે. મોબાઈલ ઉપકરણ અત્યંત નાનાં કદનું અને બેટરીથી કાર્ય કરતું હોવાથી વ્યક્તિ તેને પોતાની સાથે ગમે ત્યાં લઈ જઈ શકે છે, પરિણામે તેની મદદથી ગમે તે સ્થળેથી અધ્યયન થઈ શકે છે. વિદ્યાર્થીએ મોબાઈલ પર ફક્ત માહિતી મેળવવા જ નથી, પરંતુ તેની સાથે આંતરક્રિયા કરે છે. ચેટિંગ, ઓડિયો–વીડિયો કોલ વગેરે અહીં શક્ય છે. મોબાઈલની મદદથી શિક્ષક–વિદ્યાર્થી, વિદ્યાર્થી–વિદ્યાર્થી પ્રત્યાયન કરી સહાયકારી ઢબે અધ્યયન કરી શકે છે. મોબાઈલ લર્નિંગમાં મોબાઈલ ડિવાઈસનાં નાનાં કદની મર્યાદાનાં કારણે તેની મદદથી પરંપરાગત વર્ગખંડની અવેજીમાં શિક્ષણ ન કરાવી શકાય, પરંતુ પરંપરાગત શિક્ષણની સાથે સાથે મિશ્ર સ્વરૂપે તેનો ઉપયોગ થઈ શકે. ફ્લિપ્ડ ક્લાસરૂમના સ્ટ્રક્ચરથી વિદ્યાર્થી વર્ગખંડમાં થતી પ્રવૃત્તિઓ, શૈક્ષણિક કાર્યને વિદ્યાર્થી મોબાઈલ પર અધ્યયન કરી શકે છે. તે પોતાના સમયે , કોઈપણ સ્થળે એમ. લર્નિંગ કરી શકે છે. શિક્ષણ ક્ષેત્રે મોબાઈલ લર્નિંગ શિક્ષણની જરૂરિયાતો સુધી પહોંચવા માટેનું એક માધ્યમ છે. એક મજબૂત મોબાઈલ લર્નિંગ પ્લાન, પાઠને સ્ક્રોલ કરવા સારી એપ્લિકેશન્સ વગર કાર્ય કરી શકતું નથી. શિક્ષકોએ સારી સામગ્રી અને સાધનો કેવી રીતે શોધવી તે સમજવું જોઈએ અને તેને કેવી રીતે અભ્યાસક્રમ અને પાઠ યોજનાઓમાં સામેલ કરવું તે સમજવું જરૂરી છે. સારી શૈક્ષણિક એપ્લિકેશન્સ મોબાઈલ લર્નિંગ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. દૂરવર્તી શિક્ષણ અથવા વિદ્યાર્થીઓ સાથે અભ્યાસક્રમને લગતા વ્યવહાર માટે જરૂરી છે. ખાસ કરીને પરિણામો, સ્થળના

ફેરફારો સહિતની માહિતી પ્રદાન કરવા માટે જરૂરી છે. મોબાઈલ ડિવાસીસ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેની ઓનલાઈન ક્રિયા પ્રતિક્રિયા અને વિદ્યાર્થીઓ માટે પણ સુવિધા આપે છે. શિક્ષકો મોબાઈલ ઉપકરણનો ઉપયોગ કરીને વિદ્યાર્થીની પ્રગતિ પર વાસ્તવિક સમયમાં સુધારાઓ પુરા પાડે છે. નવી ટેક્નોલોજીને વર્ગખંડમાં લાવવી એ મહત્ત્વનું છે, પુસ્તકો અને પીસી કરતાં મોબાઈલ ઉપકરણ હલકું છે, મોબાઈલ લર્નિંગ શીખવાની પ્રક્રિયાને ટેકો આપે છે. મોબાઈલ ઉપકરણની કિંમત પ્રમાણમાં સસ્તી છે, પીસી કે લેપટોપ કરતાં ઓછી કિંમત. મલ્ટિમીડિયા કન્ટેન્ટ ડિલિવરી અને સર્જનાત્મકતાના વિકલ્પો, શિક્ષણ સહાયક. પરંપરાગત શૈક્ષણિક સંસ્થાઓ માટે નવી તકો.પાઠ્યપુસ્તક ખર્ચમાં ઘટાડો જેવા લાભો થાય છે. જ્યારે ટેકનિકલ પડકારો, કનેક્ટિવિટી અને બેટરીની સમસ્યા, સ્ક્રિનનું કદ નાનું અને કીનું કદ પણ નાનું હોવાથી માત્ર એક વ્યક્તિ જ તેનો ઉપયોગ કરી શકે છે. સંગ્રહ કરવા માટે મેમરી પણ મર્યાદિત હોય છે.

એમ લર્નિંગ એટલે મોબાઈલ લર્નિંગ. વર્તમાન યુગ એ આધુનિક તકનિકીનો યુગ છે. જેમ જેમ તકનિકીનો આવિષ્કાર થાય છે તેમ તેમ શિક્ષણમાં તેનો ઉપયોગ થવા લાગે છે. શિક્ષણની અધ્યન–અધ્યાપન પદ્ધતિઓ પર આધુનિક તકનિકી અસર જોવા મળી રહી છે. શિક્ષણની અધ્યયન–અધ્યાપનની પદ્ધતિઓમાં પરિવર્તન આવવાનું મૂળ કારણ છે આધુનિક તકનિકી. મોબાઇલ ફોન આજે શૈક્ષણિક ક્ષેત્રે રોકાયેલા દરેક વ્યક્તિ માટે જરૂરિયાત બની ગયું છે. આજે શૈક્ષણિક માહિતી મોબાઈલ ફોન પર વહેલી ઉપલબ્ધ થઈ જાય છે. પહેલાં કોઈ પણ શૈક્ષણિક સંસ્થા કે યુનિવર્સિટીની મુલાકાત લીધા બાદ જ જરૂરી માહિતી મળતી હતી. શિક્ષણ ક્ષેત્રે વર્ગખંડથી બહાર પણ અધ્યયન શક્ય બન્યું છે તે આધુનિક ટેક્નોલોજીના કારણે જ. જે કોઈપણ સમયે, કોઈપણ સ્થળે ઇન્ટરનેટના માધ્યમથી મોબાઈલ લર્નિંગ શક્ય બન્યું છે. શાળા કે કૉલેજમાં વિદ્યાર્થીઓથી માંડીને શૈક્ષણિક કર્મચારીઓ મોબાઈલ ફોન પર શાળા કે કૉલેજની ગતિવિધિઓ જાણ શકે છે. વિદ્યાર્થીઓ માટે અધ્યયનમાં ગુણવત્તાસભર માહિતી મોબાઈલ પર ઉપલબ્ધ કરાવી શકાય છે. શિક્ષક–વિદ્યાર્થીઓ મોબાઈલ પર સોશ્યલ માધ્યમો દ્વારા શિક્ષણને લગતી બાબતો વિશે ચર્ચા કે જરૂરી માહિતી શેરિંગ કરી શકે છે. તે મોબાઇલ લર્નિંગનું ઉત્તમ ઉદાહરણ બને છે. મોબાઇલ લર્નિંગ હાલના સમયે પ્રચલિત થઈ રહેલું માધ્યમ છે. જેના પર ઓડિયો–વીડિયો અને લખાણ સહિતની માહિતી ઉપલબ્ધ કરાવી શકાય છે. જ્ઞાન અને માહિતીને

શીખવા, શિક્ષણ આપવા માટે મોબાઈલ ટેકનોલોજી ઉપયોગી છે.એમ–લર્નિંગ જે પોર્ટેબલ ઉપકરણો પર થાય છે, જેમ કે 'ટેબ્લેટ્સ, આઈપેડ્સ, મોબાઈલ વગેરે

**M-Learning (મોબાઈલ લર્નિંગ) :**

માલી(2015)ના મતે પ્રત્યાયનક્ષેત્રે ટેલિફોન અને તેમાં પણ વિશેષ તો મોબાઈલ ફોન દ્વારા જબરજસ્ત ક્રાંતિ આવી છે. મોબાઈલ ફોન દ્વારા વ્યક્તિઓ ગમે તે સ્થળેથી એકબીજા સાથે સંપર્કમાં રહી શકે છે. મોબાઈલ ફોનમાં પણ એન્ડ્રોઈડ ઓપરેટિંગ સિસ્ટમ ધરાવતાં સ્માર્ટફોન કે એપલનાં આઈફોન દ્વારા મોબાઈલ ફોન એ હથેળીમાં રહેલાં કમ્પ્યૂટર જેવા શક્તિશાળી ઉપકરણો બન્યાં છે. હવે તો મોબાઈલ સર્વિસ પૂરી પાડતી કંપનીઓ ફોનમાં જ ઇન્ટરનેટનો ઉપયોગ થઈ શકે તેવી સુવિધા પુરી પાડે છે. તેમાં પણ અત્યંત ઝડપી (વાયર દ્વારા મળતા બ્રોડબેન્ડ પ્રકારના ઇન્ટરનેટ જેવી) 4જી ઇન્ટરનેટ સર્વિસ મોબાઈલમાં મળે છે. કમ્પ્યૂટર–લેપટોપ કરતાં કિંમતમાં સસ્તાં છતાં પણ તેના જેટલાં જ કાર્યો કરી શકવાનાં કારણે, ઇન્ટરનેટ સુવિધાયુક્ત હોવાથી અને ગમે ત્યાં, ગમે ત્યારે ઇન્ટરનેટનો ઉપયોગ કરી શકાતો હોવાથી મોબાઈલનો ઉપયોગ અધ્યયન માટે હાલમાં વધતો જાય છે.

**મોબાઈલ લર્નિંગની વ્યાખ્યા**

મેકમિલન ડીક્શનેરીએ મોબાઈલ લર્નિંગ વ્યાખ્યાને આ મુજબ આલેખી છે. ¦મોબાઈલ ફોન અને હાથમાં રાખી શકાય તેવા કમ્પ્યૂટરની મદદથી અધ્યયનસામગ્રી પ્રાપ્ત કરી તેની મદદથી કરવામાં આવતું અધ્યયન એટલે મોબાઈલ લર્નિંગ.þ

ઓઝદામલી અને કેવસ (2011) મોબાઈલ લર્નિંગની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, મોબાઈલ ટેક્નોલોજી અને ઇન્ટરનેટની મદદથી અધ્યેતા ગમે તે સ્થળેથી, ગમે તે સમયે અધ્યયનસામગ્રી મેળવી અધ્યયન કરી શકે તેવું અધ્યયન પ્રતિમાન એટલે મોબાઈલ લર્નિંગ.

**મોબાઈલ લર્નિંગની લાક્ષણિકતાઓ:**

માલી(2015)ના મતેમોબાઈલ લર્નિંગ લાક્ષણિક્તાઓ નીચે મુજબ છે

**સર્વવ્યાપક્તા :–** મોબાઈલ ઉપકરણ અત્યંત નાનાં કદનું અને બેટરીથી કાર્ય કરતું હોવાથી વ્યક્તિ તેને પોતાની સાથે ગમે ત્યાં લઈ જઈ શકે છે, પરિણામે તેની મદદથી ગમે તે સ્થળેથી અધ્યયન થઈ શકે છે.

**આંતરક્રિયાત્મક :–** વિદ્યાર્થી મોબાઈલ પર ફક્ત માહિતી મેળવવા ઉપયોગ કરતાં નથી, પરંતુ તેની સાથે આંતરક્રિયા કરે છે. ચેટિંગ, ઓડિયો–વીડિયો કૉલ વગેરે અહીં શક્ય છે.

**ખાનગી :–** મોબાઈલની મદદથી સામાન્યતઃ એક સમયે એક જ વ્યક્તિ અધ્યયન કરી શકે છે.

**સહાયકારી :–** મોબાઈલની મદદથી શિક્ષક–વિદ્યાર્થી, વિદ્યાર્થી–વિદ્યાર્થી પ્રત્યાયન કરી સહાયકારી ઢબે અધ્યયન કરી શકે છે.

મોબાઈલ લર્નિંગમાં મોબાઈલ ડિવાઈસનાં નાનાં કદની મર્યાદાનાં કારણે તેની મદદથી પરંપરાગત વર્ગખંડની અવેજીમાં શિક્ષણ ન કરાવી શકાય, પરંતુ પરંપરાગત શિક્ષણની સાથે સાથે મિશ્ર સ્વરૂપે તેનો ઉપયોગ થઈ શકે. જોકે હવેનાં અધ્યતન મોબાઈલ ફોનમાં બ્રાઉઝર સોફ્ટવેર આવે છે જેની મદદથી કોર્સ મેનેજમેન્ટ સિસ્ટમની મદદથી રજૂ થતી વેબસાઇટ પણ ઉપયોગમાં લઈ શકાય છે. મૂડલ કોર્સ મેનેજમેન્ટ સિસ્ટમથી બનાવેલ ઓનલાઈન લર્નિંગ વેબસાઇટનો ઉપયોગ કરવા માટેની મોબાઈલ એપ ઉપલબ્ધ છે. આવા સંજોગોમાં મોબાઈલ લર્નિંગનો ઉપયોગ વધી રહ્યો છે.

**મોબાઈલ લર્નિંગ : આજના બાળકો સુધી પહોંચવું :**

સ્કોટ મેકક્વિગગન અને અન્યો (2015)ના મત મુજબ તેમનું સંશોધન ત્રિકોણ હાઈસ્કૂલ, ડરહામ, ઉત્તર કેરોલિનામાં ચાર્ટર સ્કૂલના નવમી ગ્રેડ અંગ્રેજીના વર્ગખંડમાં કર્યું છે. જેમાં એક ફ્લિપ્ડ ક્લાસરૂમનું સ્ટ્રક્ચર બનાવ્યું હતું કે વિદ્યાર્થી રાત્રે એક વખત વર્ગખંડમાં થયેલી પ્રવૃત્તિઓને પોતાના ટેબલેટ અને લેપટોપમાં ઉપયોગ કરે. જે વિદ્યાર્થી ઘરે જુદી અવસ્થામાં અધ્યયન કરી શકે છે. ચાલતાં ચાલતાં, બેઠાં બેઠાં પોતાના મોબાઈલમાં શૈક્ષણિક સામગ્રીને વીડિયો જોઈ શકે છે ઓડિયો સાંભળી શકે છે લખાણ વાંચી શકે છે. તે વર્ગખંડમાં નથી અને ઘરે અધ્યયન કરે છે ત્યારે તેમના પર શિક્ષકની જેમ ધ્યાન આપનાર કોઈ નથી. જ્યારે શિક્ષક વિદ્યાર્થીઓને સમજવા માટે સર્વે કરે છે ત્યારે તેમને ખબર પડે છે કે બધાં વિદ્યાર્થીઓ ધ્યાન તો આપે જ છે. પરંતુ જે શાળામાં પ્રતિબંધિત ઉપકરણોમાં મોબાઈલ પણ છે. જેનો ઉપયોગ કરવાથી મલ્ટિટાસ્ક, સહયોગ અને અન્ય વિદ્યાર્થીઓને શીખવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે. જેથી મોબાઈલ દ્વારા શિક્ષણ આપવાથી કેટલાંક પ્રતિમાનોની તુલનામાં વાસ્તવિક દુનિયાનું શિક્ષણ આપવું યોગ્ય છે.

મોબાઈલ દ્વારા શિક્ષણની પહેલના મૂલ્ય પર વિચારણા કરવામાં આવે ત્યારે વિદ્યાર્થીઓ માટે સૌથી શ્રેષ્ઠ અને સૌથી મૂલ્યવાન શું તે ધ્યાન પર લેવું મહત્ત્વપૂર્ણ છે. શું ટેક્નોલોજી ખરેખર વિદ્યાર્થીને અસરકારક રીતે શીખવામાં મદદરૂપ થશે. તે જાણવું જરૂરી છે. 2001માં લેખક માર્ક પેનેસ્કીને દ્વારા ડિજિટલ વતની તરીકે ક્રાઈસ્ટ કર્યા હતા. "આજના વિદ્યાર્થીઓ હવે અમારી શૈક્ષણિક પ્રણાલીને શીખવવા માટે ડિઝાઇન કરવામાં આવ્યા નથી." જો કંઈ પણ હોય, તો મોબાઈલ ડિવાઈસના આગમનથી જ અલગ–અલગ જરૂરિયાતો પૂર્ણ કરી શકાય છે. તેમજ શિક્ષણ ક્ષેત્રે મોબાઈલ લર્નિંગ શિક્ષણની જરૂરિયાતો સુધી પહોંચવા માટેનું એક માધ્યમ છે. જેના પર શિક્ષણ મેળવી શકાય, શીખવામાં સરળતા રહે. જેમાં શીખનારી પેઢી તેમાં વિશ્વને એક વર્ગખંડની દૃષ્ટિએ જૂએ છે.

**સારી એપ્લિકેશન :**

સ્કોટ મેકક્વિગગન અને અન્યો (2015)ના મત મુજબ એક મજબૂત મોબાઇલ લર્નિંગ પ્લાન, પાઠને સ્ક્રોલ કરવા સારી એપ્લિકેશન્સ વગર કાર્ય કરી શકતું નથી. શિક્ષકોએ સારી સામગ્રી અને સાધનો કેવી રીતે શોધવી તે સમજવું જોઈએ અને તેને કેવી રીતે અભ્યાસક્રમ અને પાઠ યોજનાઓમાં સામેલ કરવું તે સમજવું જરૂરી છે. તેવી જ રીતે, એપ્લિકેશન ડેવલપર્સે પ્રેક્ષકોની જરૂરિયાતોને પહોંચી કરવા અને એપ્લિકેશન માર્કેટને શૈક્ષણિક બજાર પર ધ્યાન આપવું જોઈએ. શ્રેષ્ઠ શૈક્ષણિક એપ્લિકેશન્સ જરૂરી માહિતી રજૂ કરે છે. સારી શૈક્ષણિક એપ્લિકેશન્સ મોબાઇલ લર્નિંગ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

**દૂરવર્તી શિક્ષણ :**

વિકિપીડિયા મુજબ શીખવાના અનુભવોને વધારવા માટે ઓનલાઈન ઉપકરણોમાં મોબાઈલનો ઉપકરણ તરીકે ઉપયોગ કરી શકાય છે.

- મોબાઈલ ફોન(ટેક્સ એસએમએસ દ્વારા)નો ઉપયોગ કરીને દૂરવર્તી શિક્ષણ અથવા વિદ્યાર્થીઓ સાથે અભ્યાસક્રમને લગતા વ્યવહાર માટે જરૂરી છે. ખાસ કરીને પરિણામો, સ્થળના ફેરફારો સહિતની માહિતી પ્રદાન કરવા માટે જરૂરી છે.
- મોબાઈલ ડિવાસીસ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેની ઓનલાઈન ક્રિયાપ્રતિક્રિયા અને વિદ્યાર્થીઓ માટે પણ સુવિધા આપે છે. મોબાઈલ ઉપકરણ વાસ્તવિક સમયમાં ક્રિયાપ્રતિક્રિયા સુવિધા શક્ય બનાવે છે.

- મોબાઈલ ઉપકરણો વાસ્તવિક રીતે ક્રિયાપ્રતિક્રિયા સુવિધા શક્ય બનાવે છે, વિદ્યાર્થીઓને તાત્કાલિક પ્રતિસાદ મેળવવા માટે પરવાનગી આપે છે. શિક્ષકો મોબાઈલ ઉપકરણનો ઉપયોગ કરીને વિદ્યાર્થીની પ્રગતિ પર વાસ્તવિક સમયમાં સુધારાઓ પુરા પાડે છે.

**મોબાઈલ લર્નિંગનું મૂલ્ય :**

વિકિપીડિયા મુજબ એમ લર્નિંગ પ્રોગ્રામ અને તકનિકીનો ઉપયોગ કરનારે એમ લર્નિંગની તરફેણમાં નીચે મુજબના મૂલ્યો રજૂ કર્યા છે.

- નવી ટેક્નોલોજીને વર્ગખંડમાં લાવવી એ મહત્ત્વનું છે.
- પુસ્તકો અને પીસી કરતાં મોબાઈલ ઉપકરણ વજનમાં હલકું છે.
- મોબાઈલ લર્નિંગનો ઉપયોગ વિદ્યાર્થીઓને શીખવવાની પ્રવૃત્તિઓમાં મિશ્ર શિક્ષણ તરીકે પણ કરી શકાય છે.
- મોબાઈલ લર્નિંગ શીખવાની પ્રક્રિયાને ટેકો આપે છે.
- વિશેષ જરૂરિયાતોવાળા વિદ્યાર્થીઓ માટે મોબાઇલ શિક્ષણ ઉપયોગી એડ–ઓન સાધન બની શકે છે.

**એમ–લર્નિંગના લાભ :**

વિકિપીડિયા મુજબ એમ–લર્નિંગના લાભ નીચે મુજબ છે.

- મોબાઈલ ઉપકરણની કિંમત પ્રમાણમાં સસ્તી છે, પીસી કે લેપટોપ કરતાં ઓછી કિંમત.
- મલ્ટિમીડિયા કન્ટેન્ટ ડિલિવરી અને સર્જનાત્મકતાના વિકલ્પો, શિક્ષણ સહાયક.
- તાલીમ ખર્ચમાં ઘટાડો.
- સંભવિત રીતે વધુ લાભદાયી શિક્ષણ અનુભવ.
- પરંપરાગત શૈક્ષણિક સંસ્થાઓ માટે નવી તકો.
- પાઠ્યપુસ્તક ખર્ચમાં ઘટાડો
- વ્યક્તિગત સામગ્રી એક્સેસ થઈ શકે.
- જ્ઞાન માટે દૂરસ્થ પ્રવેશ
- સાક્ષરતાનું સ્તર સુધાવા.

**એમ–લર્નિંગના પડકારો :**

વિકિપીડિયા મુજબ એમ–લર્નિંગના પડકારો નીચે મુજબ છે.

- ટેક્નિકલ પડકારો

- કનેક્ટિવિટી અને બેટરીની સમસ્યા
- સ્ક્રીનનું કદ નાનું અને કીનું કદ પણ નાનું
- ઓથોરિંગ જૂથમાંથી સામગ્રી સુરક્ષા અથવા કોપિરાઈટનો મુદ્દો
- બહુવિધ માનંકો, બહુવિધ સ્ક્રીન કદ, બહુવિધ ઓપરેટિંગ સિસ્ટમ.
- મોબાઈલ પ્લેટફોર્મ માટે વર્તમાન ઈ–લર્નિંગ સામગ્રીઓનો ફરીથી ઉપયોગ કરવો.
- મર્યાદિત મેમરી
- સુરક્ષા, રોકાણની કિંમત વગેરે.

**ઉપસંહાર :**

આમ, દરેક ક્ષેત્રે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે. પરંતુ શિક્ષણના ક્ષેત્રેમાં જેમ જેમ નવીન ટેક્નોલોજીનો આવિષ્કાર થાય છે તેનો મહત્તમ ઉપયોગ થવા લાગે છે. મોબાઈલ આજે દરેક વ્યકિત પાસે છે અને ઈન્ટરનેટની સુવિધાઓ ધરાવતા સ્માર્ટફોન પણ ઉપલબ્ધ છે. ઈન્ટરનેટનો યોગ્ય રીતે ઉપયોગ શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવે તો મોબાઈલ લર્નિંગ સફળ થઈ શકે. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ મોબાઈલ લર્નિંગને સારી રીતે સમજી–વિચારીને ઉપયોગમાં લેવું જોઈએ.

**સંદર્ભ :**

માલી, એ. આર. (2015), **ICTની વિવેચનાત્મક સમજ**,(પ્રથમ આવૃત્તિ), અમોલ પ્રકાશન, અમદાવાદ.

Scott McQuiggan, Lucy Kosturko, Jamie McQuiggan, and Jennifer Sabourin (2015) Mobile Learning: A Handbook for Developers, Educators, and Learners, SAS Institute Inc., Cary, North Carolina, USA.

https://en.wikipedia.org/wiki/M-learning

**"શિક્ષણ દર્શન"** માટેનું લવાજમ મોકલવાનું સરનામું :-

**શ્રી અરવિંદભાઈ એલ મહેતા**

૫, પ્રીતિ ડુપ્લેક્ષ, આનંદવન કોમ્પલેક્ષ પાસે, સુભાનપુરા, **વડોદરા**- ૩૯૦૦૨૩

**૧** વર્ષનું લવાજમ –**૧૨૦ રૂ.**

૩ વર્ષનું લવાજમ –૩૩૦ **રૂ.**

**૫** વર્ષનું લવાજમ –**૫૫૦ રૂ.**